©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**[PUBLISHED BY AUTHORITY]**

**Vol. LXVI ] THURSDAY, DECEMBER 11, 2025 / AGRAHAYANA 20, 1947 [ No. 50**

**Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation**

# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

### CONTENT

### Part I, Part I-A, Part I-B and Part I-L


| | | Pages | | | Pages |
|---|---|---|---|---|---|
| Part-I | Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette. | 4283-4308 | Part-I-B | Government Notifications, Published under Land Acquisition Act only. | 99 |
| Part-I-A | Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette. | 50 | Part-I-L | Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act. | 1829-1845 |


**પોલીસ કમિશ્નર દ્વારા**

**વંચાણે લીધા:-**

(૧) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૪, અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૪/આરબી/૪૮૬૮/૨૦૨૫ તા.૦૨/૦૮/૨૦૨૫ તથા;

(૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૭, અમદાવાદ શહેર નાઓના જાવક પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૭/આર.બી/૫૬૧૮/૨૦૨૫ તા.૦૪/૦૮/૨૦૨૫.

**-:જાહેરનામું :-**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલ.**

ક્રમાંક: વિ.શા/એ-સેકશન/ પરમીટ/ હથિયારબંધી-જાહેરનામું/૯૮/૨૦૨૫.-અમદાવાદ શહેરના અમુક પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કેટલાક આરોપીઓ દ્વારા તલવાર/ છરી/ ચપ્પુ/ ગુપ્તી/ લોખંડની પાઈપ જેવા હથિયારો વડે હુમલાઓ કરી ખૂન, ખૂનની કોશિષ તેમજ મહાવ્યથાના ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપતા હોય છે. આમ, અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા ગુનાઓમાં ગેરકાયદેસર હથિયારો દ્વારા અમુક કિસ્સાઓમાં શરીર સબંધી ગંભીર પ્રકારના ગુનાઓ બનતા હોવાનુ ધ્યાને આવેલ છે. શહેરમાં જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાય રહે તેમજ આરોપીઓ ગંભીર ગુનાને અંજામ આપતાં અટકે અને ભયમુકત વાતાવરણ બની રહે, લોકોના જાનમાલનું રક્ષણ થાય, જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકે,

બિભત્સ ભાષા અને વ્યવહાર તેમજ ઉશ્કેરણીજનક ભાષણોથી સુરૂચિ ભંગ થવાના તેમજ ગુનાહિત કૃત્યો થવાની સંભાવનાને નિવારવા જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકાવવા તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે તે સારૂ આવા હથિયારો તથા આવા કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

આથી હું જી. એસ. મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૧૦/૦૮/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૨૪/૦૮/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી નીચે દર્શાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

-: **કૃત્યો**:-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઇપણ જાતના ચપ્પુ જે અઢી ઈંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઇ ચીજો લઈ જવાની.

(ખ) પરવાનાવાળા હથીયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા તેમજ સામાજિક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ ક્ષયધર્મી ( શરીરને હાનિકારક ) અથવા સ્ફોટક પદાર્થ લઇ જવાની.

(ઘ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ચ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(છ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા ફેલાવો કરવાથી, સુરૂચિ અથવા પ્રતિષ્ઠાનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

**-:વિસ્તાર :-**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**-:અપવાદ :-**

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ:

૧. સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઇપણ હથિયાર સાથે લઇ જવા ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય તેમને.

૨. સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે, સંગીન વગેરે સાથે રાખવા પડતા હોય તેમને.

૩. પોલીસ કમિશ્નર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈ પણ અધિકારીઓએ જેને શારીરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યકિતઓને.

**-: શિક્ષા:-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઇસમ ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ.અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ.૦૭/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

---------------

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે**

ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૨૭/૨૦૨૫.-હું, જી.એસ.મલિક,IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે આવતીકાલ તા.૧૫/૮/૨૦૨૫ ના રોજ અખંડ ભારત સ્વાભિમાન મંચ દ્વારા સિંધુભવન રોડ,અમદાવાદ શહેર ખાતે 'સિંદૂર સ્વાભિમાન યાત્રા' નું આયોજન કરવામાં આવનાર છે. જેમાં VIPs/VVIPs ઉપરાંત મોટા પ્રમાણમાં અને મર્યાદીત સમયમાં વાહનો સાથે આવતી જનમેદની વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

અમદાવાદ શહેરમાં આવતીકાલ તા.૧૫/૮/૨૦૨૫ ના રોજ સિંધુભવન રોડ ખાતે 'સિંદૂર સ્વાભિમાન યાત્રા' નું આયોજન કરવામાં આવનાર છે. જેમાં ૧૦૦૦-જેટલી કાર જોડાનાર હોય જે કાર્યક્રમ દરમિયાન નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવે છે.

| અનં. | વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | મોન્ટેક્રીષ્ટો રીંગ રોડ ટી થી સિંધુભવન રોડ થઇ પકવાન ચાર રસ્તા સુધીનો એક તરફનો માર્ગ વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત રહેશે. | ૧. મોન્ટેક્રીષ્ટો રીંગ રોડ ટી થઇ શીલજ સર્કલથી જમણી બાજુ વળી આંબલી ઓવરબ્રિજ માટે મધ્યભાગ થઇ બાગબાન ચાર રસ્તા થઇ ગુલમહોર પાર્ટી પ્લોટ ચાર રસ્તા થઇ હેબતપુર ચાર રસ્તા થઇ પકવાન ચાર રસ્તા તરફનો માર્ગ વાહનોની અવર-જવર માટે ઉપયોગ કરી શકાશે.<br>૨. મોન્ટેક્રીષ્ટો ટી થી ઉમિયા ટેડસ ટી થી ડાબી બાજુ વળી કાલીબારી મંદિર રોડ થઇ રાજપથ ક્લબ કટ થઇ એસ.જી.હાઈવે તરફનો માર્ગ વાહનોની અવર-જવર માટે ઉપયોગ કરી શકાશે. |

**અપવાદ** : સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો,ફરજમા રોકાયેલ સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમા વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામુ લાગુ પડશે નહી.

**-: જાહેરનામાની અમલવારીની વિગત :-**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૧૫/૮/૨૦૨૫ ના કલાક ૧૪.૦૦ થી કાર્યક્રમ પુર્ણ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૪/૮/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

**જી.એસ.મલિક**
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

----------------

**જાહેરનામુ**

**પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, વડોદરાનાઓ ધ્વારા સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ ૩૩ ની પેટા કલમ (૧) (બી) હેઠળનો નિયમ**

ક્રમાંક:જી/સીપી/ડીસીપી-ટ્રાફીક/ઇસ્કોન મંદિર,જન્માષ્ટમી મહોત્સવ/પ્રવેશબંધી,વૈકલ્પિક વ્યવસ્થા/જાહેરનામુ/જાવક/૧૩૫૭/૨૦૨૫.-તા.૧૬/૦૮/૨૦૨૫ ના રોજ વડોદરા શહેરમાં જન્માષ્ટમી નિમ્મીતે શ્રીકૃષ્ણ મંદિર,સ્વામી નારાયણ મંદિરો ઉપર વધુ પ્રમાણમાં ભાવિક ભક્તોની ભીડ હોય છે. જેમાં ખાસ કરીને ગોત્રી,હરીનગર, ઇસ્કોન મંદિર ખાતે દર્શન અર્થે મોટી સંખ્યામા ભાવિક ભક્તો એકત્રીત થવા ની સંભાવના છે. આ પ્રસંગે જાહેર જનતાને અગવડ ન પડે અને ટ્રાફિક સુચારૂ ચાલે તે હેતુથી પ્રવેશબંધી,વૈકલ્પિક વ્યવસ્થા અંગેનું જાહેરનામુ બહાર પાડવાની જરૂરીયાત હોવાથી, હું નરસિમ્હા કોમાર, પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, વડોદરા, ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ ૩૩ (૧)બી થી મળેલ સત્તાની રૂએ તા.૧૬/૦૮/૨૦૨૫ સાંજના કલાક ૧૯:૦૦ થી ગોત્રી, હરીનગર, ઇસ્કોન મંદિર ખાતે જન્માષ્ટમી મહોત્સવ પૂર્ણ ન થાય ત્યાં સુધી ટ્રાફિક વ્યવસ્થા અંગે નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરું છું.

**-: જાહેરનામાની વિગત :-**

તા.૧૬/૦૮/૨૦૨૫ ના કલાક ૧૯:૦૦ થી તમામ પ્રકારના વાહનો માટે

| નં. | પ્રતિબંધિત રસ્તો | વૈકલ્પિક વ્યવસ્થા |
|---|---|---|
| ૧. | હરીનગર બ્રિજ નીચે થી ઇસ્કોન મંદિર થઇ, ઇસ્કોન સર્કલ (વોર્ડ નં-૧૧ સર્કલ) તરફ જઇ શકાશે નહીં. | હરીનગર બ્રિજ નીચેથી ESI દવાખાના ત્રણ રસ્તાથી ડાબી બાજુ વળી, સારાબાઇ કોલોની ESI દવાખાના થઇ, ધ નેસ્ટ ચાર રસ્તાથી ડાબી/જમણી બાજુ વળી, જે તે તરફ જઇ શકશે. |
| ૨. | ઇસ્કોન સર્કલ (વોર્ડ નં- ૧૧ સર્કલ) થી ઇસ્કોન મંદિર થઇ,હરીનગર બ્રિજ તરફ જઇ શકાશે નહીં. | ઇસ્કોન સર્કલ (વોર્ડ નં-૧૧) થી ગોકુળ પાર્ટી રોડ થઇ ધ નેસ્ટ ચાર રસ્તાથી જમણી બાજુ વળી ESI દવાખાના ત્રણ રસ્તા થઇ જે તે તરફ જઇ શકશે. |
| ૩. | શ્યામબાગ સોસાયટી ત્રણ રસ્તાથી (દિવાળીપુરા કોર્ટ પાછળના રોડ) ઇસ્કોન મંદિર તરફ જઇ શકાશે નહીં. | શ્યામબાગ સોસાયટી ત્રણ રસ્તા, ગદાપુરા, અમીન સ્કુલ થઇ, પંજાબ નેશનલ બેંક ત્રણ રસ્તાથી જે તે તરફ જઇ શકશે તેમજ મલ્હાર પોઇન્ટ, અરૂપદિપ થઇ જે તે તરફ જઇ શકાશે. |
| ૪. | પ્રથમ એવન્યુ ચાર રસ્તાથી ઇસ્કોન મંદિર તરફ જઇ શકાશે નહીં. | પ્રથમ એવન્યુ ત્રણ રસ્તાથી ઇસ્કોન સર્કલ થઇ, જે તે તરફ જઇ શકાશે. |

ઉપરોક્ત જાહેરનામામાંથી જન્માષ્ટમી બંદોબસ્તમાં રોકાયેલ પોલીસના વાહનો, ઇમરજન્સી સર્વિસના વાહનો, એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડના વાહનો, પોલીસના વાહનોને મુકિત આપવામાં આવે છે.

મે આજરોજ તા.૧૪/૦૮/૨૦૨૫ ના રોજ સહી કરી સિકકો કરેલ છે.

**નરસિમ્હા કોમાર**
પોલીસ કમિશનર
વડોદરા શહેર

---------------

**:: જાહેરનામું ::**

**-:: ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ ::-**

ક્રમાંક : એસ.બી./હથિયારબંધી/૧૫૪/૨૦૨૫.–સુરત શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઇ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ આગામી સમયમાં અગત્યના તહેવારો આવતા હોય અને સુરત શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

**:: હુકમ ::**

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઇ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

**:: પ્રતિબંધિત કૃત્યો ::**

(ક) કોઈ પણ શસ્ત્ર કે, બંદુક, તલવાર, ભાલા, ખંજર, ચપ્પા તથા શારિરીક વ્યથા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવા કે હિંસા કરવાના આશયથી ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો લાલવા- લઇ જવા કે પ્રદર્શન કરવા કે અન્ય રીતે સ્વ-બચાવના ચોકકસ કારણો સિવાય સાથે રાખીને ફરવા ઉપર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઇ જાહેર જગ્યાઓએ જવા, પ્રદર્શન કરવા, હવામાં ફાયર કરવા કે કોઈની સામે તાકવા પર કે તાકવાનો પ્રયત્ન કરવા પર તેમજ સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઇ જવા ઉપર.

(ગ) શરીરને હાનિકારક એવા કોઇપણ સ્ફોટક પદાર્થ/ ચીજવસ્તુ લાવવા-લઈ જવા ઉપર.

(ઘ) પત્થરો તેમજ બીજા શસ્ત્રો/ યંત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના શસ્ત્રો/યંત્રો કે સાધનો લાવવા-લઇ જવા પર, એકઠા કરવા પર અથવા બીજા કોઈને આવું કહેવા પર તેમજ તૈયારી કરવા ઉપર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ ઘાતક છરા/ચપ્પુ લાવવા, રાખવા, કે વેચાણ કરવા, ખરીદ કરવા તેમજ ઓનલાઈન વેચવા કે ખરીદ કરવા પર.

(છ) સળગતી અગર સળગાવેલી મશાલ રાખવા કે રાખવાનો પ્રયત્ન કરવા બદલ કે મશાલ સરઘસ સાથે રાખવા પર.

(જ) કોઈપણ વ્યકિતનું પૂતળું બનાવવા કે બનાવવાનો પ્રયત્ન કરવા પર, કોઈપણ વ્યકિતની આકૃતિ/ચિત્ર/પૂતળાં બાળવા, લટકાવવા, દેખડવા કે ફાંસી આપવા પર કે આ પ્રકારનો પ્રયત્ન કરવા પર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

(ટ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઇ પ્રદાર્થ વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવાં છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

**:: અપવાદ ::**

**આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.**

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઇ પણ હથિયાર સાથે લઇ જવા ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**:: અમલવારીનો સમય ::**

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૧૫/૦૮/૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા.૨૯/૦૮/૨૦૨૫ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

આજ તારીખ :- ૧૪/૦૮/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

---

**:: જાહેરનામુ ::**

**:: ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭(૩) અન્વયે ::**

ક્રમાંક: એસ.બી./ચાર કરતા વધુ વ્યકિત ભેગા થવા ઉપર/૧૫૫/૨૦૨૫.–સુરત શહેરમાં આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઇ પણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ સુરત પોલીસ કમિશનરેટની હદ વિસ્તારમાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઇ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર. ગુજરાત પોલીસ એકટની કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

**:: પ્રતિબંધીત કૃત્યો ::**

સુરત પોલીસ કમિશનરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં. તેમજ કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઇ પણ જાતની સભા-સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

**:: અપવાદ ::**

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

**:: અમલવારીનો સમય તથા વિસ્તાર. ::**

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૧૫/૦૮/૨૦૨૫ ના ક.૦૬-૦૦ થી તા.૨૯/૦૮/૨૦૨૫ ના ક.૨૪-૦૦ વાગ્યા સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે જી.પી.એક્ટ-કલમ ૧૩૫ (૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૧૪/૦૮/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

**અનુપમ સિંહ ગહલૌત**
પોલીસ કમિશનર
સુરત શહેર.

----------------------

**જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

// **વાંચ્યા** //

(૧) પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરના પત્ર ક્રમાંકઃટ્રાફિક/જાહેરનામું પ્રસિધ્ધ/૨૦૭/૨૦૨૫, તા.૩૦/૦૬/૨૦૨૫

// **જાહેરનામું** //

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) હેઠળ**

નં.એમએજી/વશી/૧૩૫૦/૨૦૨૫.-વંચાણ-૧ થી વરસાદની ચાલુ સીઝનમાં ગઈ તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ વધુ વરસાદ પડવાના કારણે જેતપુરપાવી પંચાયત ઓફિસ પાસે આવેલ પુલ ધોવાઈ જવાના કારણે જર્જરીત થઈ ગયેલ છે. જેથી સદર પુલ ઉપરથી ભારદારી વાહનો પસાર થઈ શકે તેમ ન હોય જેથી કાર્યપાલક ઇજનેર રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ વડોદરા નાઓના જણાવ્યાનુસાર અત્રેના જિલ્લા ખાતેથી સદર પુલ ઉપરથી ભારદારી વાહનોની અવર-જવર બંધ કરેલ છે.

જેથી ભારદારી વાહનોને અવર-જવર માટે છોટાઉદેપુર-પાનવડ-કવાંટ-કરાલી-બોડેલી રોડ ખાતે ડાયવર્ટ કરવામાં આવેલ છે. જેથી મધ્યપ્રદેશ તથા ઝોઝ તરફથી આવતા ભારદારી વાહનો છોટાઉદેપુર ટાઉનમાં પેટ્રોલપંપ ચોકડી થી એસ.ટી બસ સ્ટેન્ડ થઇ પસાર થતા હોય છે. છોટાઉદેપુર ટાઉનમાં બજારમાં ઘણા લોકો ખરીદ-વેંચાણ સારૂ આવતા હોય અને એસ.ટી બસ સ્ટેન્ડમાં પણ લોકોની અવર-જવર રહેતી હોય જેના કારણે ટ્રાફિકની સમસ્યા વધારે રહેતી હોય તેમજ અકરમાતો થવાની સંભાવના રહેતી હોય જેથી નીચે જણાવેલ રૂટ પર અવર-જવર માટે નીચે જણાવેલ રૂટ પર ભારદારી વાહનોની અવર-જવર માટેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા માંગણી કરેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું ગાર્ગી જૈન, IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) હેઠળ જાહેરનામાં બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ આથી નીચે મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરૂ છું.

૧. કવાંટ તરફથી આવતા ભારદારી વાહનો કવાંટ નાકા થઇ પાંજરાપોળ થઈ સિલ્વર હોટલ થઇ મધ્ય પ્રદેશ (MLP), જઈ શકાશે.

૨. છોટાઉદેપુર તરફથી કવાંટ તરફ જતા ભારદારી વાહનો સિલ્વર હોટલ થઈ પાંજરાપોળ થઇ કવાંટ નાકા થઇ કવાટ તરફ જઈ શકાશે.

૩. કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરા તથા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન (સ્ટેટ), છોટાઉદેપુર દ્વારા સદરહુ જાહેરનામાં અન્વયે સદરહું રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર ડાયવર્ઝન તથા ગતિ સીમા અંગેના સાઈન બોર્ડ લગાવવાના રહેશે.

// **અમલવારીનો સમય** //

સદરહુ જાહેરનામું તા.૧૮/૦૭/૨૦૨૫ થી તા.૧૬/૦૮/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

// **સજા** //

સદરહુ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા નેશનલ હાઈવે ઓથોરીટીના તાબાના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૯ ની કલમ-૩૩(૧) હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તારીખ ૨૧/૦૭/૨૦૨૫ મુજબ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો છે.

**ગાર્ગી જૈન IAS**
જિલ્લા મેજિસ્ટ્રેટ
છોટાઉદેપુર

----------

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું**

નં.એમએજી/ટ્રાફિક ડાયવર્ઝન/વશી.૬૩૬૮ થી ૬૪૦૨/૨૫.-સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, માંડવી, જી.સુરતની તા.૨૯/૦૭/૨૦૨૫ ની દરખાસ્તથી નાયબ કાર્યપાલક ઈજનેર (મા*મ) પેટા વિભાગ, માંડવીના તા.૨૮/૦૭/૨૦૨૫ ના પત્રથી "૯મી ઓગષ્ટ વિશ્વ આદિવાસી દિવસ-૨૦૨૫" ની ઉજવણીનું સ્થળ ઉમરપાડા-ઘાટા રોડ કિ.મી. 0/0 થી ૮/૦૩ ચે.૦/૦ થી ૦/૫૦૦ કિ.મી. રસ્તા ઉપર નક્કી થયેલ હોય, જે અન્વયે ટ્રાફિકની સમસ્યાને ધ્યાનમાં લઈ, નાયબ કાર્યપાલક ઈજનેર (મા*મ) પેટા વિભાગ, માંડવીના તા.૨૮/૦૭/૨૦૨૫ ના પત્રથી રસ્તાનાં ડાયવર્ઝન આપવા માટે ઉમરપાડા-બિલવણ-વડપાડા રોડ કિ.મી.૦/૦ થી ૧૪/૮૮ (ઉમરપાડા મામલતદારશ્રીની કચેરી જુના ઉમરપાડા ત્રણ રસ્તા પાસે જોડતો માલ્યા ખાંડ ઉમરપાડા ચવડા રોડને જોડતો રસ્તો) તા.૦૧/૦૮/૨૦૨૫ થી તા.૧૧/૦૮/૨૦૨૫ ઉપરોક્ત વિગતે ટ્રાફિકને ડાયવર્ટ કરવા માટે જરૂરી કાર્યવાહી થવા વિનંતી કરેલ છે.

વાસ્તે, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું વિજય રબારી, (જી.એ.એસ.) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત તા.૦૬/૦૮/૨૦૨૫ થી તા.૧૦/૦૮/૨૦૨૫ સુધીના સમય દરમ્યાન નીચે જણાવેલ માર્ગ બંધ કરી, તેના પરથી પસાર થતો ટ્રાફિક તેની સામે જણાવેલ વૈકલ્પિક માર્ગ પર ડાયવર્ટ કરવા આથી હુકમ કરૂં છું.

| ક્રમ | ડાયવર્ઝનની વિગત | ડાયવર્ઝન આપેલ રૂટ |
|---|---|---|
| ૧ | ઉમરપાડા-ઘાટા રોડ કિ.મી. ૦/૦ થી ૮/૦૩ ચે.૦/૦ થી ૦/૫૦૦ કિ.મી. રસ્તા પર આવવા-જવા માટે | ઉમરપાડા-બિલવણ-વડપાડા રોડ કિ.મી.૦/૦ થી ૧૪/૮૮ (ઉમરપાડા મામલતદારશ્રીની કચેરી જુના ઉમરપાડા ત્રણ રસ્તા પાસે જોડતો માલ્યા ખાંડ ઉમરપાડા ચવડા રોડને જોડતો રસ્તો) |

ઉક્ત જણાવેલ ડાયવર્ઝન વાળી જગ્યાએ ડાયવર્ઝન રૂટ અંગેની દિશા દર્શાવતા બોર્ડ લગાવવા અંગે નાયબ કાર્યપાલક ઈજનેર (મા*મ) પેટા વિભાગ, માંડવી, સુરતનાઓએ નિયમાનુસાર વ્યવસ્થા કરવાની રહેશે. જો તેમ કરવામાં ચુક થશે અને કોઇ આકસ્મિક ઘટના બનશે તો તેની સમગ્ર જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૦૬ /૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવેલ છે.

---------------

**:: જાહેરનામું ::**

**:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયેનું ::**

નં.એમએજી/તહેવાર/વશી.૬૪૦૪ થી ૬૪૩૮/૨૦૨૫.-સુરત ગ્રામ્ય જીલ્લામાં આગામી દિવસોમાં અગત્યના ધાર્મિક તહેવારો આવતા હોય અને સુરત ગ્રામ્ય જીલ્લામાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે ઈચ્છનીય છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

**::પ્રતિબંધિત કૃત્યો::**

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ઘોડા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરીક ઇજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇ પણ સાધન સાથે લઇ જવું નહી.

(ખ) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઇ જવા નહીં એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઇ શબ, આકૃતિ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી બતાવવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

(છ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવી નહી.

(જ) લોકોને અપમાન કરવાના ઇરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી, ગીતો ગાવા નહી કે વાદ્ય વગાડવું નહી.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યકિત/વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઇપણ વ્યકિતને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા આવું કોઇ હથિયાર લઇ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સુરત, જિલ્લા પોલીસ વડાશ્રી(રૂરલ), સુરતએ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારીરીક અશકિતને કારણે લાકડી, લાઠી લઇ જવાની જરૂરીયાત હોય તેવી વ્યકિત/વ્યકિતઓ.

(૩) આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

**-:: વિસ્તાર ::-**

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે"

**-:: અમલવારીનો સમય ::-**

આ હુકમની અમલવારી તા.૦૬/૦૮/૨૦૨૫ થી તા.૨૦/૦૮/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

**-:: શિક્ષા ::-**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૬/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

-----------------

:: જાહેરનામું ::

**:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયેનું ::**

નં.એમએજી/જાહેરનામું/વશી.૬૪૩૯ થી ૬૪૭૨/૨૫.-સુરત જિલ્લામાં આગામી તા.૧૫/૦૮/૨૦૨૫ થી તા.૧૭/૦૮/૨૦૨૫ દરમ્યાન શીતળા સાતમ તથા જન્માષ્ટમી તહેવારની ઉજવણી તેમજ રેલીઓ/ ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તથા જાહેર સુલેહ શાંતિ અને સલામતિ જળવાઇ રહે તે સારૂ જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

**:: પ્રતિબંધિત કૃત્યો ::**

જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં પરવાનગી વગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઈ પણ જાતની સભા-સરઘર કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

**:: અપવાદ ::**

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

**-:: વિસ્તાર ::-**

“જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે”

**-:: અમલવારીનો સમય ::-**

આ હુકમની અમલવારી તા.૦૬/૦૮/૨૦૨૫ થી તા.૨૦/૦૮/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૩) તથા ભારતીય ન્યાય સંહિતા(BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૬/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપ્યો.

**વિજય રબારી**
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
સુરત

-------------------

-: જાહેરનામુ :-

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયે.**

નં.ડીસી/એમએજી-૧/જાહેરનામાં/PATHIK/એસ.આર.૧૪૧/૨૦૨૫.–પોલીસ ધ્વારા તૈયાર કરવામાં આવેલ PATHIK ( Program for Analysis of Traveler & Hotel Informatics) હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા વગેરેના માલિકોએ તેમના ઈન્ટરનેટ કનેકટીવીટી વાળા કોમ્પ્યુટરમાં ઈન્સ્ટોલ કરાવી ગ્રાહક રજીસ્ટરમાં થતી એન્ટ્રી આ PATHIK સોફટવેરમાં કરવા બાબતની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડવા જણાવેલ છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટેટ, અમદાવાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મળેલ સત્તાની રૂઈએ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેરની હુકુમત સિવાયના અમદાવાદ જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં નીચે મુજબની અમલવારી કરવા જાહેરનામું બહાર પાડી હુકમ કરૂ છુ.

હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા વગેરેના ના માલિકે ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રીની સાથે દરેક હોટલે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનુ એક કોમ્પ્યુટર રાખવુ જેમાં પોલીસ ધ્વારા તૈયાર કરવામાં આવેલ PATHIK ( Program for Analysis of Traveler & Hotel Informatics) ઈન્સ્ટોલ કરાવી રજીસ્ટરમાં થતી એન્ટ્રી આ PATHIK સોફટવેરમાં પણ કરવાની રહેશે.

**-: વિસ્તાર :-**

પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર ની હુકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

**-: શિક્ષા :-**

આ જાહેરનામાનાં કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**-: સમયગાળો :-**

આ જાહેરનામું આજ તા.૨૯/૦૭/૨૦૨૫ ના ૦૦.૦૦ કલાકથી તા.૨૬/૦૯/૨૦૨૫ ના ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતા વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીના હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૩/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવેલ છે.

-------------

**-:જાહેરનામું:-**

**ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે.**

નં.ડીસી/પીઓએલ/એમએજી/શસ્ત્રો/હથિયાર/એસ.આર.-૧૪૩/૨૦૨૫.—આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઇએ નીચે જણાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદૂક, ખંજર, અસ્ત્રો, સળગતી મશાલ તથા સામાન્ય રીતે રામપુરી બનાવટનું કોઇપણ જાતનું ચપ્પુ કે જેને અઢી ઈંચથી વધારે લાંબુ અને છેડેથી અણીવાળું પડતું હોય તેવું ચપ્પુ ત્રણ ઈંચથી વધારે લંબાણ ધરાવતું અણીવાળું ઘાતક શસ્ત્ર સાથે રાખી ફરવાની મનાઇ ફરમાવું છું. તેમજ લાકડી, લાઠી અથવા શારીરિક નુકશાન પહોંચાડવાના ઉપયોગ થઇ શકે તેવી બીજી કોઇ ચીજો લઇ જવાની.

(૨) કોઇપણ રીતે શરીરને હાનીકારક એવી કોઇપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થો સાથે રાખી ફરવાનું,

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઇ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(૪) સળગતી મશાલ અથવા પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(૫) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવાની

(૬) લોકોએ બુમો પાડવાની, ગીતો ગાવાની તેમજ વાદ્ય વગાડવાની

(૭) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો અથવા બીજા કોઇ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીઓનો અભિપ્રાય પ્રમાણે સુરુચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અને તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

**-:વિસ્તાર:-**

અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

**-:અપવાદ:-**

**આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

(૧) સરકારી નોકરો અથવા કામગીરીમાં હોય તેમજ ઉપરી અધિકારીશ્રીએ આવા કોઇપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરો કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિ. સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહિ.

(૩) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવી. મેજિસ્ટ્રેટશ્રી, એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી, પોલીસ અધિક્ષકશ્રી અથવા જેને અધિકૃત કરેલા હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારીરિક અશક્તિના કારણે લાઠી અથવા લાકડી સાથે રાખવાની પરવાનગી આપેલી હોય તે વ્યક્તિઓને લાગુ પડશે નહિં.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોસ્ટેબલ સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૦૩/૦૮/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૧૭/૦૮/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૦૧/૦૮/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

---------------------

**-:જાહેરનામું:-**

**ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનો.**

નં.ડીસી/પીઓએલ/એમએજી/સભા-સરઘસ/એસ.આર.-૧૪૪/૨૦૨૫.—આગામી દિવસોમાં આવનાર તહેવારોને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે હું બી. આર. સાગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂઇએ ફરમાવું છું કે નીચેની અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારોમાં તા.૦૩/૦૮/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૧૭/૦૮/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ અગર કોઇ સભા કરવી કે બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

**વિસ્તાર:-** અમદાવાદ શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત સિવાયનો અમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તાર

**ખુલાસો:-** આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાઓની ફુટપાથ, ગલીઓ તથા પેટા ગલીઓનો સમાવેશ પણ થાય છે.

**અપવાદ:-** આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેવી ફરજ ઉપર હોય અથવા ધાર્મિક અગર મરણોત્તર અથવા તો તે અંગેની અધિકૃત સત્તાધિકારીની પાસેથી મંજુરી મેળવી હોય તેવા સભા સરઘસોને લાગુ પડશે નહી.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૫(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોસ્ટેબલ સુધીનાં હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫(૧) મુજબ ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમ તા.૦૩/૦૮/૨૦૨૫ ના કલાક ૦૦.૦૦ થી તા.૧૭/૦૮/૨૦૨૫ ના કલાક ૨૪.૦૦ સુધી (બંન્ને દિવસો સહિત) ૧૫ દિવસ માટે અમલમાં રહેશે.

આજ તા.૦૧/૦૮/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

**બી. આર. સાગર**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અમદાવાદ.

---------------------

**મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા**

નોંધણી ક્રમાંક નંઃ-CSMEHSAHAA202501060/૨૦૨૫ આથી જાહેર કરવામાં આવે છે કે (સુચિત) સમર્પણ હાઈટસ કો.ઓપ. હાઉસીગ સર્વિસ સોસાયટી લી., મું.નાગલપુર, તા.,મહેસાણા જિ.મહેસાણાનું કાર્યક્ષેત્ર મહેસાણા જિલ્લાના મહેસાણા તાલુકાના મું.નાગલપુર, ખાતે આવેલ ''સમર્પણ હાઈટસ''ના માલિકો પુરતું મર્યાદિત રહેશે.

સને૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવી છે.

મહેસાણા, તા.૨૨મી જુલાઈ, ૨૦૨૫

**આશુ.કે.રોય**
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ,(હાઉસીગ)ગાંધીનગર(મહેસાણા)

-----------

**જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા**

NO.CSPANSEMILK202501082/૨૦૨૫ આથી જાહેર કરવામાં આવે છે કે :- ધી ઝોઝ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.મું.ઝોઝ પો.ગમાણી તા.ઘોઘંબા જિ.પંચમહાલ

(સને ૧૯૬૨ નો ગુજરાતનો કાયદો ૧૦ મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

ગોધરા , તા.૨૪મી જુલાઈ, ૨૦૨૫

**ડી.કે.ખેર**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, ગોધરા

-----------

નોંધણી ક્રમાંક : REG/LUN/MAH/KHEPI/10525/૨૦૨૫ આથી જાહેર કરવામાં આવે છે કે :- ધી શિયાલ ઉદવહન સિંચાઈ સહકારી મંડળી લી. મું.પો.શિયાલ, તા.કડાણા, જિ.મહિસાગર

સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧ સને.૧૯૬૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ૧૦) ની કલમ-૯ અન્વયેથી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા, તા.૨૩મી જુલાઈ, ૨૦૨૫

**ગૌરાંગ.વી.ગરાસીયા**
જિલ્લા રજિસ્ટ્રાર
મહિસાગર
લુણાવાડા

-----------

**વંચાણે લીધા :–**

(૧) ઓડીટર ગ્રેડ-૨ દવારા ઓડીટ કાર્યવાહી અંગે બજવણી કરવામાં આવેલ તા-૧૮/૩/૨૦૨૧ ની નોટીસના આધાર,

(૨) ઓડીટર ગ્રેડ-૨ સહકારી મંડળીઓ ડાકોર ના પત્ર ક્રમાંક -અષણ/૦૧/ખા-એ/રૂબરૂ/૨૦૨૧ તા-૧/૧૨/૨૦૨૧ના રોજ આપેલ કલમ-૨૦ અન્વયે અહેવાલ, તથા તા-૧/૪/૨૦૧૧ થી તા-૩૧/૩/૨૦૧૨ સુધીના ઓડીટમેમાની નકલ,

(૩) અત્રેની કચેરીના જા.નં,નધણ/૦૧/ખ-૨/૩૧૩થી૩૨૧/૨૦૨૧ તા-૭/૧૨/૨૦૨૧ની કારણદર્શક નોટીસ,

(૪) અત્રેની કચેરીના જા.નં,નધણ/૦૧/ખ-૨/૫૯/૨૦૨૨ તા-૧૨/૪/૨૦૨૨ની (બીજી તક),

(૫) જા.નં, નધણ/૦૧/ખ-૨/૨૦૪/૨૦૨૨ તા-૭/૧૧/૨૦૨૨ ની (ત્રીજી તક),

(૬) જા.નં, નધણ/૦૧/ખ-૨/૧૦૭/૨૦૨૫ તા-૨૦/૦૫/૨૦૨૫ ની કારણદર્શક નોટીસ,

(૭) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ ની જોગવાઈઓ,

(૮) કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક-જી.એચ કે-૫૧-૨૦૦૫-એન.એસ.બી.૧૨-૨૦૦૨-૩૦૧૧-સી.એચ. તા-૨૧/૭/૨૦૧૧

**પ્રસ્તાવના**

જા.નં, નધણ/૦૧/ખ-૨/૧૫૬/૨૦૨૫ ધી શિવમ મજુર કામદાર સહકારી મંડળી લિ.મુ.તા.કપડવંજ જિ.ખેડા સહકારી કાયદા હેઠળ નોંધણી નંબર-૨૨૬૧/તા.૭/૧૧/૧૯૮૩ થી નોંધવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક-(૧) થી સદર મંડળીને ઓડીટર ગ્રેડ-૨ દવારા ઓડીટ કરવા આપેલ નોટીસ,

વંચાણે લીધા ક્રમાંક-(૨) થી સદર ગ્રેડ-૨ દવારા અત્રેની કચેરીમાં આપેલ અહેવાલના આધારો,

વંચાણે લીધા ક્રમાંક-(૩),(૪).(૫),(૬), થી કારણદર્શક નોટીસ આપી સુનાવણીની તક આપવામાં આવેલ,

વંચાણે લીધા ક્રમાંક-(૩) થી આપેલ કારણદર્શક નોટીસ તથા (૬), થી આપેલ નામજોગ નોટીસની બજવણી થયેલ હોવા છતાં સુનાવણીની તારીખ/સમયે કોઈ હાજર રહેલ નથી કે લેખિત/મૌખિક રજુઆત કરેલ નથી,

જેથી ઉકત તમામ વિગતો ધ્યાને લઈ, સહકારી કાયદાની કલમ-૨૦ અન્વયે ધી શિવમ મજુર કામદાર સહકારી મંડળી લિ. મુ.તા.કપડવંજ જિ. ખેડાની નોંધણી રદ કરવી જરૂરી જણાય છે. આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

આથી હું સ્તુતિ રાવલ વંચાણે લીધા ક્રમાંક-૭.અને ૮.ની જોગવાઈઓ મુજબ મને મળેલ સત્તા અનુસાર ધી શિવમ મજુર કામદાર સહકારી મંડળી લિ.મુ.તા.કપડવંજ જિ.ખેડા નોંધણી નંબર-(૨૨૬૧, તા.૭/૧૧/૧૯૮૩) ની ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરવાનો હુકમ કરૂ છું.

નડીઆદ, તા.૧૯મી જુલાઈ, ૨૦૨૫

-----------

**વંચાણે લીધા :–**

(૧) ધી સર્વોદય કેળવણી મંડળી ટ્રસ્ટના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ., મુ,તા.નડીયાદ, જિ.ખેડાને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ- જા.નં, નધણ/૦૧/ગ-૨/૧૯૮/૨૦૨૧ તા.-૭/૧૨/૨૦૨૧

(૨) ફડચા અધિકારીના તા-૨/૫/૨૦૨૫ ના પત્રથી રજુ થયેલ અહેવાલ.

(૩) સહકારી અધિકારી ફડચાના તા-૨૩/૪/૨૦૨૫ની સાધારણ સભા ભરવામાં આવેલ તેના આધાર.

(૪) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ અને ૧૧૪ (૨) અને (૩) ની જોગવાઈઓ

(૫) કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક-જી.એચ કે-૫૧-૨૦૦૫-એન.એસ.બી.૧૨-૨૦૦૨-૩૦૧૧-સી.એચ. તા-૨૧/૭/૨૦૧૧

**પ્રસ્તાવના**

File No: DRCSND/G/e-file/4156/2025/0428/ Registration ધી સર્વોદય કેળવણી મંડળ ટ્રસ્ટના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ.,મુ,તા.નડીયાદ, જિ.ખેડાને સહકારી કાયદા હેઠળ નોંધણી નંબર-સે.૧૨૮૧૬/તા.૨૭/૯/૧૯૮૨ થી નોંધવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક-(૧) થી સદર મંડળીને ફડચામાં લઈ જવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક-(૨) ફડચા અધિકારીશ્રીના તા-૨/૫/૨૦૨૫ના પત્રમાં જણાવેલ વિગતે સદર મંડળીનું સર્ટીફાઈડ પેનલ ઓડીટર દ્વારા તા-૪/૬/૨૪ સુધીનું ઓડીટ પૂર્ણ કરવામાં આવેલ છે, તા-૪/૬/૨૦૨૪ અંતિત મંડળીનું છેલ્લું સરવૈયું ''શુન્ય'' હોઈ આખરી ઓડીટ પેનલ પરના સર્ટીફાઈડ ઓડીટરશ્રી દ્વારા તા-૪/૩/૨૦૨૫ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક-(૩) સદર મંડળીની ફડચા અધિકારીશ્રી દ્વારા મંડળીની આખરી સામાન્ય સભા તા-૨૩/૪/૨૦૨૫ ના રોજ બોલાવવામાં આવેલ હતી. જે અન્વયે ફડચા અધિકારી દ્વારા રોજકામ કરવામાં આવેલ. જે વિગતોમાં મંડળીના સભાસદો કોઈ હાજર રહેલ ન હતાં. જેથી ફડચા અધિકારીશ્રી દ્વારા તા-૨/૫/૨૦૨૫ ના પત્ર મુજબ સદરહું મંડળીની નોંધણી રદ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ,૧૯૬૧ ની કલમ-૧૧૪(૨) મુજબ ફડચા અધિકારીના આખરી રીપોર્ટ મળ્યેથી સામાન્ય સભા બોલાવ્યા બાદ મંડળીની ફડચાની કાર્યવાહી સમાપ્ત કરવી જોઈશે તેવી જોગવાઈ છે.

જેથી વંચાણે લીધા ક્રમાંક-(૨) ના ફડચા અધિકારીશ્રીના આખરી અહેવાલ મુજબ સહકારી કાયદાની કલમ-૧૧૪(૨),(૩) અન્વયે ધી સર્વોદય કેળવણી મંડળ ટ્રસ્ટના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ. નડીયાદની નોંધણી રદ કરવી જરૂરી જણાય છે. આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

આથી હું સ્તુતિ રાવલ વંચાણે લીધા ક્રમાંક-૪ અને ૫ ની જોગવાઈઓ મુજબ મળેલ સત્તા અનુસાર ધી સર્વોદય કેળવણી મંડળ ટ્રસ્ટના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ., તા.નડીયાદ, જિ.ખેડા (નોંધણી નંબર-સે.૧૨૮૧૬ તા.૨૭/૯/૧૯૮૨) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૨૦ હેઠળ નોંધણી રદ કરવાનો હુકમ કરૂ છું.

નડીઆદ તા.૨૮ મી જુન ૨૦૨૫

**સ્તુતિ રાવલ**
જીલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ નડીઆદ

-----------

**વંચાણે લીધા :–**

(૧) શ્રી જે.બી.ચૌહાણ ઓડીટર ગ્રેડ-૨ સ.મં. લુણાવાડા, મહિસાગરનો કલમ-૧૦૭ હેઠળનો ફડચાનો ખાસ અહેવાલ તા.૦૧/૦૩/૨૦૨૫.

(૨) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ નં.૧ ફડચ/૦૧/ક-૨/૨૨૯/ ૨૦૨૫ તા.૧૮/૦૩/૨૦૨૫

(૩) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ નં.૨ ફડચ/૦૧/ક-૨/૨૪૭/ ૨૦૨૫ તા.૦૮/૦૪/૨૦૨૫

(૪) અત્રેની કચેરીની કારણદર્શક નોટીસ નં.૩ ફડચ/૦૧/ક-૨/૩૩૬ થી ૩૪૭/ ૨૦૨૫ તા.૦૧/૦૫/૨૦૨૫

(૫) ફડચા અંગેનો વચગાળાનો આદેશ નં.ફડચ/૦૧/ક-૨/૪૧૨ થી ૪૧૫/૨૦૨૫ તા.૧૯/૦૬/૨૦૨૫

(૬) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ (૩) ની જોગવાઈ.

(૭) સહકારશ્રીના જાહેરનામા ક્રમાંકઃGHKH-51-2005-NSB/12/2002/ 3011/CH, તા.૨૧/૭/૨૦૧૧ તથા જાહેરનામાં ક્રમાંક GHKH/62/2011/NSB/12/2002/ 3011/ CH. તા.૨૬/૦૮/૧૧.

**પ્રસ્તાવના**

File No: DRCSMHS/FDC/e-file/1331/2025/0443/ Registration ધી સાંઈરામ મજુર કામદાર સ.મં.લી મુ.પો.મોટી સરસણ, તા.સંતરામપુર, જિ.મહિસાગરનો નોંધણી નં.ઉ.૧૪૯૦૨, તા.૩૦/૦૧/૨૦૧૨ થી નોંધાયેલ સહકારી મંડળી છે. આમુખ-૧ થી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ અન્વયે ખાસ અહેવાલ કરવામાં આવેલ છે. આમુખ-૨,૩,૪, થી કારણદર્શક નોટીસો આપેલ હતી. આમુખ-૫ થી અત્રેની કચેરીના વચગાળાના હુકમથી ફડચામાં લઈ જતા પહેલાં વાંધા સુચનો તથા રજુઆત કરવા માટે એક માસની તક આપવામાં આવેલ હતી. તેમ છતાં મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આથી આમુખ-૬ માં જણાવેલ ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૦૭ (૩) હેઠળ વચગાળાના આદેશને બહાલી આપતાં મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ આદેશ કરવામાં આવે છે. અને આ અંગે નિમાયેલ ફડચા અધિકારીશ્રી એચ.એ. ચૌધરી, ઓડીટર ગ્રેડ-૨, પ્રમાણિત સ.મં. મહિસાગર, લુણાવડાએ ફડચાની કામગીરી આ આદેશની તારીખથી પાંચ વર્ષની મુદતમાં પુર્ણ કરવાની રહેશે.

લુણાવાડા, તા.૨૮/૭/૨૦૨૫

**ગૌરાંગ વી.ગરાસિયા**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ મહિસાગર
લુણાવાડા

-----------

**મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા**

**નોંધણીનું પ્રમાણપત્ર**

નોંધણી ક્રમાંક નંઃ-CSKHESAHAA 202501140/ આ ઉપરથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ગણેશ રેસીડેન્સી કો.ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લી., મું.ખાત્રજ, તા.,મહેમદાવાદ જિ.ખેડાને

(સને ૧૯૬૨નો ગુજરાતનો કાયદો ૧૦મો) ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો સને ૧૯૬૧ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવેલ છે.

નડીયાદ, તા.૩૧મી જુલાઈ ૨૦૨૫

**જે.પી.દરજી**
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, હાઉસિંગ
નડીયાદ

-----------

**જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા**

ક્રમાંક : CSSURSAHAA202501109/ આથી જાહેર કરે છે કે : સ્વયં રો હાઉસિંગ કો.ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મું.ધામદોડ લુંભા, તા.,બારડોલી, જિ.સુરતને

સનેઃ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સનેઃ૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા.૨૫મી જુલાઈ ૨૦૨૫

-----------

ક્રમાંક : CSSURSAHAA202501110/ આથી જાહેર કરે છે કે : શ્રી કમલમ રેસીડેન્સી પાર્ટ-૧ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મું.આસરમા, તા.,અડાજણ, જિ.સુરતને

સનેઃ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સનેઃ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા.૨૫મી જુલાઈ ૨૦૨૫

-----------

ક્રમાંક : CSSURSAHAA202501111/ આથી જાહેર કરે છે કે : ગૃહમ પેલેસ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મું.દેલાડવા, તા.,ચોયાસી, જિ.સુરતને

સનેઃ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સનેઃ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા.૨૫મી જુલાઈ ૨૦૨૫

-----------

ક્રમાંક : CSSURSAHAA202501123/ આથી જાહેર કરે છે કે : ગીરીરાજ હોમ્સ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મું.પાસોદરા, તા.પુણા, જિ.સુરતને

સનેઃ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સનેઃ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા.૨૮મી જુલાઈ ૨૦૨૫

-----------

ક્રમાંક : CSSURSAHAA202501124/ આથી જાહેર કરે છે કે : ગીરીરાજ હોમ્સ વિભાગ-૨ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મું.પાસોદરા, તા.પુણા, જિ.સુરતને

સનેઃ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સનેઃ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા.૨૮મી જુલાઈ ૨૦૨૫

-----------

ક્રમાંક : CSSURSAHAA202501077/૨૦૨૫ આથી જાહેર કરે છે કે : જીસીજી ૨૨ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મું.ભાઠા, તા.અડાજણ, જિ.સુરતને

સનેઃ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સનેઃ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા.૨૪મી જુલાઈ ૨૦૨૫

-----------

ક્રમાંક : CSSURSAHAA202501083/આથી જાહેર કરે છે કે : વૈકુંઠ દર્શન કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ. મું.વરીયાવ, તા.કતારગામ, જિ.સુરતને

સનેઃ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સનેઃ૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત, તા.૨૪મી જુલાઈ ૨૦૨૫

**જે.એચ.કાકડિયા**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, હાઉસિંગ સુરત

-----------

**વંચાણે લીધા :–**

(૧) સર્ટીફાઈડ ઓડીટરશ્રી ભાર્ગવ.બી.પટેલનો તા.૧૦/૦૭/૨૦૨૫ થી શ્રી રાજકૃપા કો.ઓપ હાઉસીગ સોસાયટી લિ. મું.પાલડી તા.સાબરમતી જિ.અમદાવાદ ખાસ અહેવાલ

(૨) અત્રેની કચેરીના તા.૧૬/૦૬/૨૦૨૫ ના જ.નં ફડચ/૦૧/ ઘ-ફડચો/૪૮/૨૦૨૫ તથા અત્રેની કચેરીના તા.૧૬/૦૬/૨૦૨૫ ના જ.નં ફડચ/૦૧/ઘ-ફડચો/૪૯/૨૦૨૫ ની કારણદર્શક નોટીસ

(૩) તા.૧૬/૦૬/૨૦૨૫ ના રોજ ચેરમેન /સેક્રેટરીશ્રી શ્રી રાજકૃપા કો.ઓપ હાઉસીગ સોસાયટી લિ. મું.પાલડી તા.સાબરમતી જિ.અમદાવાદ તથા સર્ટીફાઈડ ઓડીટરશ્રી હાજર રહી રૂબરૂ સુનાવણી વખતે કરેલ રજુઆત

(૪) માન.રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગરનો તા.૧/૧/૨૦૧૬ નો કાર્યલય આદેશ ક્રમાંકઃ ઘરમ/૦૧/છ/ઓએસ/૩/૨૦૧૫ અને તા.૨૪/૮/૨૦૧૮ નો કાર્યાલય આદેશ ક્રમાંકઃ ઘરમ/૦૧/ઓએસ/છ/૧૦૧૮/૨૦૨૨.

(૫) ગુજરાત સહકારશ્રી કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરનું તા.૨૧/૭/૨૦૧૧ નું જાહેરનામુ ક્રમાંકઃ જીએચકેએચ/ ૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સી/એચ અને તા.૧/૧/'૧૬ નું જાહેરનામું ક્રમાંકઃ જીએચકેએચ/૧/ એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચ.

(૬) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

**પ્રસ્તાવના**

ક્રમાંકઃફડચ/૦૧/ઘ-૨(ફડચો)/૧૯૯૮/૬૨/૨૦૨૫-રાજકૃપા કો.ઓપ હાઉસિંગ સોસાયટી લી. મું.પાલડી તા.સાબરમતી જિ.અમદાવાદ (ટૂંકમાં ''સોસાયટી'') એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ (ટૂંકમાં ''સહકારી કાયદો'') હેઠળ તા.૧૧/૦૩/૧૯૯૧ ના રોજ રજિસ્ટ્રેશન ક્રમાંક : ઘ-૧૪૩૩૭ થી, નોંધાયેલી કો -ઓપ.હાઉસિંગ સોસાયટી છે. જેથી, તેનું કામકાજ, સહકારી કાયદા અને ગુજરાત સહકારી મંડળીઓ નિયમો, ૧૯૬૫ (ટૂંકમાં ''નિયમો'') સહીત લાગુ પડતા તમામ કાયદા અને નિયમોની પ્રવર્તમાન જોગવાઈઓ તથા ઉપરોકત સોસાયટીના નોંધાયેલા પેટાનિયમોની જોગવાઈઓને અધીન રહીને તેમજ આ કચેરીના નિયંત્રણ અને દેખરેખ હેઠળ રહીને કરવાનું રહે છે.

વંચાણે લીધા ક્રમાંક : (૧) ઉપરથી પત્રથી, રજુ થયેલ ખાસ અહેવાલ તથા વંચાણે લીધા ક્રમાંક : (૨) ચેરમેન તથા સેક્રેટરી તથા સર્ટીફાઈડ ઓડીટ હાજર રહેવા આપાયેલ કારણદર્શક નોટીસ વંચાણે લીધા ક્રમાંકઃ (૩) ચેરમેન તથા સેક્રેટરી તથા સર્ટીફાઈડ ઓડીટર રૂબરૂ હાજર રજૂઆત કરાયેલ છે.

રાજકૃપા કો.ઓપ હાઉર્સીગ સોસાયટી લી., મું.પાલડી તા.સાબરમતી જિ.અમદાવાદએ સહકારી કાયદાની કલમ ૯ અન્વયે રજી નં.-ઘ-૧૪૩૩૭. તા.૧૧/૦૩/૧૯૯૧ થી મોજ પાલડીના જૂના સર્વે નં.૨૧૬,૨૧૭(૫)તથા ૨૧૭ (૭) વાળી જમીન પૈકી ૯૫૬ ચો.મી. જમીન ઉપર ૧૪ સભાસદો જનરલ સહીયારા ભાડુઆત પધ્ધતિ યોજના હેઠળ નોંધાયેલ હતી.

સર્ટીફાઈડ ઓડીટર, પેનલ નં.૦૪ સહકારી મંડળીઓ, અમદાવાદના તા.૩૧/૦૫/૨૦૨૫ના પત્રથી ખાસ અહેવાલ આ કચેરીને મોકલી આપેલ છે જે અહેવાલની વિગતો જોતાં, ઉપરોક્ત સોસાયટીનું તા.૦૧/૦૭/૧૯૯૫ થી તા.૩૧/૦૩/૨૦૨૪ સુધીના સમયનું વૈધાનિક ઓડીટ પૂર્ણ કરેલ. ખાસ અહેવાલ મુજબ, ઉપરોક્ત મંડળીની નોંધણી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૯ હેઠળ હાઉસિંગ મંડળી તરીકે થયેલ છે. આથી મંડળી એ સહકારી કાયદા-કાનૂન, મંજૂર થયેલ પેટા કાયદા અને સહકારશ્રીના સહકાર ખાતાના અધતન સુચના અને પરિપત્રોની મર્યાદામાં મંડળીનો વહિવટ કરવાનો રહે છે. જેથી રજૂ થયેલ ખાસ અહેવાલની વિગતે સહકારી કાયદાની કલમ ૧૦૭ અન્વયે અન્વયે સોસાયટીને ફડચામાં લઈ જવા આગળની ઘટતી કાર્યવાહી કરવા સ્પષ્ટ ભલામણ કરેલ છે.

લગભગ ૩૪ વર્ષ જુનું બાંધકામ હોઈ, સભાસદો મકાનોમાં જર્જરીત હાલમાં ગયેલ હતા. જેથી સભ્યોએ સોસાયટીને રીડેવલોપમેન્ટમાં લઈ જવા ઘણી બધી પાર્ટી સાથે ચર્ચા વિચારણ તથા ભાવતાલ કરવા છતાં કોઈ પાર્ટી રીડેવલોપમેન્ટ લેવા તૈયાર ન હોવાથી સોસાયટીના તમામ સભ્યોની તા૧૯/૦૩/૨૦૨૨ ની જનરલ સભાના ઠરાવથી સોસાયટીની તમામ જમીન પ્રતિ ચો.વાર ૧૫૧૦૦૦-ના ભાવે વેચાણ આપવા ઠરાવેલ છે. અને તે મુજબ જમીન વેચાણનો દસ્તાવેજો કરી જમીન વેચાણ કરી દીધેલ છે. હવે આ જગ્યા સોસાયટીની માલીકીની નથી.

તા૧૦/૦૭/૨૦૨૫ ના રોજ ચેરમેન સેક્રેટરી તથા સર્ટીફાઈડ ઓડીટરશ્રી હાજર રહી રજુઆત કરેલ છે અને અત્રેથી માંગવામાં આવેલ પૂર્તતા રૂબરૂ તા.૧૦/૦૭/૨૦૨૫ ના પત્રથી રજૂ કરેલ છે.

